# શ્રી મુક્તાનંદ આશ્રમનું પ્રાકૃતિક સૌંદર્ય

સિદ્ધયોગ પથ પર, આપણે સમસ્ત સૃષ્ટિમાં ભગવાનની દિવ્ય ઉપસ્થિતિની અભિસ્વીકૃતિ કરીએ છીએ અને આ જ દિવ્યતા પ્રાકૃતિક જગતમાં અસંખ્ય રૂપે પ્રગટ થાય છે. આપણે પ્રકૃતિમાં જે સૌંદર્ય અને વિસ્મય જોઈએ છીએ તે આપણને પ્રેરિત કરી શકે છે કે એક જિજ્ઞાસુ તરીકે આપણે આપણા અંતરમાં અને આપણી ચારેબાજુ એ સૌંદર્યને ઓળખીએ.

પ્રકૃતિ ગૅલરીમાં જે ફોટાઓ આપવામાં આવ્યા છે તે શ્રી મુક્તાનંદ આશ્રમના મનોરમ પરિસરમાં લેવામાં આવ્યા છે, જ્યાં વર્તમાનમાં શ્રીગુરુમાઈ નિવાસ કરે છે. આ આશ્રમ ન્યૂયૉર્ક શહેરની ઉત્તર દિશામાં આવેલો છે, તે વિશાળ વનો અને ઊંચા-નીચા પહાડોથી ઘેરાયેલો છે, જેમાં ઘણાં વન્ય પ્રાણીઓ પણ રહે છે. સમય લઈને આ ગૅલરીને જુઓ. આ ફોટાઓ દ્વારા શ્રીગુરુના ધામની નિર્મળ પ્રશાંતિમાં પ્રવેશ કરો અને પ્રકૃતિની આભા દ્વારા તમારા પોતાના મહાન હૃદયની આભા સાથે જોડાઈ જાઓ.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.